# લંડન ખાતે ત્રિદિવસીય બ્રાહ્મણ સંમેલન યોજાશે

## આગામી સપ્ટેમ્બરમાં યોજાનારા આ સંમેલનમાં આંતર રાષ્ટ્રિય બ્રાહ્મણ સંસદના હોદ્દેદારો પણ પ્રતિનિધિત્વ કરશે : વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન દ્વારા આયોજન કરાયુ છે

ગાંધીનગર, તા. ૧૩

વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન દ્વારા આગામી સપ્ટેમ્બર માસમાં લંડન (યુકે) ખાતે ત્રિદિવસીય બ્રહ્મસંમેલનનું આયોજન હાથ ધરાયું છે. આ સંમેલનના અધ્યક્ષ તરીકે વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ ડૉ. દિવાકર શુકલા રહેશે તેમજ આ સંમેલનમાં સંસ્થાના ૭૦ પ્રતિનિધિઓ દેશવિદેશમાંથી ભાગ લેશે.

આ સંમેલન તા. ૧૨ મી થી ૧૪ મી સપ્ટેમ્બર દરમ્યાન ઈંગ્લેન્ડના લંડન શહેર ખાતે યોજાશે. જેમાં વૈદિક સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર, વૈજ્ઞાનિક અને આધ્યાતમિક ચિંતન, સાહિત્ય અને સાંસ્કૃતિક તેમજ પર્યાવરણ જેવા મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા યોજાશે. આ ઉપરાંત જ્યોતિષ અને વાસ્તુશાસ્ત્ર જેવા વિષયો પર પણ તજજ્ઞો દ્વારા ચર્ચા હાથ ધરાશે. આ સંમેલનમાં ભાગ લેનાર તમામ બ્રહ્મબંધુઓ માટે ૧૧ દિવસની યુરોપીયન દેશોની ટૂરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશ-વિદેશમાંથી આવેલા બ્રહ્મબંધુઓ સાથેં સસ્કૃતિનું આદાન પ્રદાન તેમજ વિચાર વિમર્શ કરાશે.

આંતરરાષ્ટ્રિય બ્રહ્મબંધુઓની સાથે જોડાયેલા ગાંધીનગરના બ્રહ્મબંધુઓને આ સંમેલનમાં ભાગ લેવા માટે સંસ્થાના રાષ્ટ્રિય સચિવ અશ્વિન ત્રિવેદીનો સંપર્ક કરવા જણાવાયું છે. આ સંમેલને સફળ બનાવવા વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશનની સાથે સાથે આંતરરાષ્ટ્રિય બ્રાહ્મણ સંસદના પદાધિકારીઓ પણ જહેમત ઉઠાવી રહ્યા છે.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તાજેતરમાં ઘણા લાંબા વર્ષો પછી ગુજરાત સરકારમાં વર્ગ-૧/૨ ની સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે સંદર્ભે પરીક્ષાની પૂર્વ તૈયારીમાં ઉપયોગી થાય તેવી સ્પર્ધાત્મક પરીક્ષાને લગતી વિવિધ ૨૦ જેટલા પુસ્તકોનું રાજ્ય માહિતી વિભાગ દ્વારા વિનામુલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેને મેળવવા માટે ઉમેદવારો ધોમધખતા તાપમાં કતારબંધ જોવા મળી રહ્યા છે.

# હવે શહેર વસાહત મહામંડળ એકલે હાથે અસ્થિ વિસર્જન સેવા સંભાળશે

## આ વખતે ૪૦૦ અસ્થિકુંભોને વિસર્જન માટે વિદાય અપાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અમદાવાદના સદવિચાર પરિવાર સંયુક્તપણે નિઃશુલ્ક અસ્થિ વિસર્જન સેવા છેલ્લા ૨૦ વર્ષથી કરી રહ્યા હતા. હવે સદ્‌વિચાર પરિવાર આ સેવામાંથી મુક્ત થયેલ છે જ્યારે શહેર વસાહત મહામંડળે આ નિસ્વાર્થ સેવા ચાલુ રાખવાનો નિર્ધાર કર્યો છે.

ગાંધીનગરના અંતિમધામ અને સરગાસણ ખાતેના નવનિર્મિત અંતિમધામ ખાતે રાખવામાં આવેલા અસ્થિકુંભોનું વિસર્જન તા. ૧૬મી જૂને હરિદ્વાર ખાતે કરવામાં આવનાર છે. આ અસ્થિવિસર્જનની સેવા મહામંડળના મૂકસેવક શશીકાંત મોઢા અને મુકેશ શુકલ આપશે જેઓ તા. ૧૪મી જૂને હરિદ્વાર મેલ મારફતે અસ્થિકુંભ લઈ પ્રસ્થાન કરશે. આ અસ્થિકુંભના દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ આપવા તા. ૧૪મી જૂને સવારે ૯ થી ૯.૪૫ વાગ્યા દરમ્યાન સે. ૩૦ના અંતિમધામ ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરાયું છે. આ પ્રાર્થના સભામાં દિવંગત આત્માઓના સગાસંબંધીઓ, સ્નેહીજનો અને નગરજનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત આ વખતે ૪૦૦ જેટલા અસ્થિકુંભો હરિદ્વાર ખાતે ગંગાજીમાં વિસર્જીત થવા જઈ રહ્યા છે. ત્યારે તે અસ્થિકુંભોના અંતિમ દર્શન અને વિદાય માટે તા. ૧૪મી જૂન સવારે ૧૦ કલાકે ગાંધીનગર રેલવે સ્ટેશને ઉપસ્થિત રહી શકાશે.

## શબ્દાવલી - ૫૪૧૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | ■ | ૩ | ૪ | ■ | ૫ |
| ૬ | | | | ■ | ૭ | ૮ | |
| ૯ | | ■ | ■ | ૧૦ | | | ■ |
| | ■ | ૧૧ | | | | ■ | ૧૨ |
| ■ | ૧૩ | | ■ | | | ૧૪ | |
| ૧૫ | | | ૧૬ | ■ | ૧૭ | | |
| ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | | ■ | |
| | ■ | ૨૧ | | | | ■ | |

### આડી ચાવી

૧. સામાન, સરંજામ (૨)
૩. ભેટ (હિન્દી) (૨)
૬. વાંચન, ભણવું તે (૪)
૭. ઘોડેસવાર, પલટન (૩)
૯. ઓરડો, હોલ (૨)
૧૦. પગેરૂ, ડગલા (૩)
૧૧. પોતાના પર વીતી હોય તેવી (૪)
૧૩. અર્ક, સત્ત્વ (૨)
૧૪. પડ, સ્તર (૨)
૧૫. ભારત દશનું રહેવાસી (૪)
૧૭. પડદો, આડ (૩)
૧૮. રથમાં બેસી લડનાર યોદ્ધો (૨)
૧૯. 'વકરો' શબ્દ આડોઅવળો (૩)
૨૧. ખુબ અધિરાઇ, તનમન(૪)

### ઊભી ચાવી

૧. વચેટ, નિમિત (૨)
૨. સુરતાલનો સમન્વય (૨)
૪. તલાક, છુટાછેડા (૪)
૫. બરફ ગોળો (ચુસવાનો)
૬. રતાશ પડતું, સોનેરી પરોઢ(૩)
૮. બીવી કે ભાઇ કો... કહતે હૈ (૨)
૧૦. પાવન (૩)
૧૧. દેવની મૂર્તિ સમક્ષ દીવો(૩)
૧૨. એક પ્રકારના સુંદર પથ્થર (૫)
૧૩. રથ ચલાવનાર (૩)
૧૪. ઝાડનો આધાર મૂળ અને... (૨)
૧૫. આપણો દેશ, ઇન્ડિયા (૩)
૧૬. આર્ય સંસ્કૃતિ બહારનો માણસ (૩)
૧૭. કડક, તીવ્ર (૩)
૨૦. રોકાઇ જા (૨)

### શબ્દાવલી ૫૪૧૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ટાંકણુ (૩) ભગવાન (૬) ટીપ (૭) ફન (૮) માખ (૯) તલાક (૧૦) ભવાની (૧૧) મથાળું (૧૨) ભવાઇ (૧૩) કચકચ (૧૬) થાપણદાર (૧૮) પછી (૧૯) રથ (૨૦) ચકડોળ

**ઊભી ચાવી :-** (૧) ટાંટીયો (૨) કપ (૩) ભનક (૪) વામા (૫) નખરાળું (૭) ફલાની (૯) તવાઇ (૧૦) ભવા (૧૧) મલક (૧૨) ભરથાર (૧૩) કદાચ (૧૪) ચરક (૧૫) ચપળ (૧૭) પથ

## માનવ વિકાસની વાર્ષિક સાધારણ સભા

માનવ વિકાસ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી ગાંધીનગરની સાતમી વાર્ષિક સાધારણ સભા ૧૫ જૂન રવિવાર સવારે ૯ વાગે સંસ્થાની ઓફિસ પ્લોટ નં. ૧૭૫૭/૨ સેકટર-૨-ડી ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. વાર્ષિક સાધારણ સભામાં સોસાયટીના સર્વે સભાસદોને સમયસર ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

## અખીલ ભારતીય વિશ્વકર્મા પંચાલ મહાસભાની સંગઠન બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

અમદાવાદમાં અખીલ ભારતીય વિશ્વકર્મા પંચાલ મહાસભાની સંગઠન બેઠક યોજાઈ ગઈ. સમાજની વિવિધ પાંખો પંચાલ, સુથાર, મિસ્ત્રી સહિત વિશ્વકર્મા સમાજના વિકાસ અને કુરીવાજો નાબુદ કરવા અંગે ખાસ વ્યુહરચના ઘડાઈ હતી. અખીલ ભારતીય અધ્યક્ષ શ્રી રમેશભાઈ (પંચાલ) રાઠોડના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં સમાજનો આર્થિક વિકાસ, વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપનાર શ્રેષ્ઠીઓનું સન્માન તેમજ શૈક્ષણિક ક્ષેત્રે લોન/સહાય વિના વ્યાજે તથા વિદ્યાર્થીઓનું સન્માન કરવા તેમજ કેરીયર ગાઈડન્સ સહિતની ખાસ કાર્યવાહક સમિતિઓની રચના કરાઈ હતી.

સમાજના ડૉકટર, એડવોકેટ્સ, સીએ, મહિલા સહિત વિવિધ પાંખોની રચના કરવા આગામી ૬ઠ્ઠી જુલાઈના રોજ પ્રદેશ કારોબારી યોજવા સહિતના મુદ્દે સવિસ્તાર ચર્ચા હાથ ધરાઈ હતી. બેઠકમાં રાજ્યભરમાંથી વિવિધ મંડળો, ગામના પ્રમુખો તેમજ મહિલા અગ્રણીઓ તેમજ રાષ્ટ્રીય હોદ્દેદારો નાથાભાઈ પંચાલ, જયંત પંચાલ, ચંદ્રેશભાઈ સહિતના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સે-૧૫ કડી વિશ્વ વિદ્યાલય વિદ્યાર્થીઓનો આવકારોત્સવ ઉજવશે

ગાંધીનગર, તા. ૧૩

શહેરમાં આવેલ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સે-૧૫ી ફેકલ્ટી ઓફ એજયુકેશની બી.એડ. કોલેજોની તમામ સીટો સૌ પ્રથમ ભરાઈ જતા વિદ્યાર્થીઓનો આવકારોત્સવ મનાવવામાં આવશે અને શૈક્ષણિક સત્રનો આરંભ થશે.

ગાંધીનગર શહેરને શિક્ષણ નગરી અપાવવાનું શ્રેય જેના શિરે જાય છે. તેવી કડી વિશ્વ વિદ્યાલયની બી.એડ. કોલેજોમાં રાજયમાં સૌ પ્રથમ સીટો ભરાઈ જવા પામી છે. સંસ્થા દ્વારા તા. ૧૬ જૂનના રોજ વિદ્યાર્થીઓનો આવકારોત્સવ ઉજવી શૈક્ષણિક સત્ર આરંભવામાં આવશે. જેમાં તમામ વિદ્યાર્થીઓને ફેકલ્ટી ઓફ ડીન. પ્રો. વિણાબેન સહિત સ્ટાફ દ્વારા પુષ્પગુચ્છ આપી આવકારવામાં આવશે.

## વણઝારાની જામીન મામલે મુદત પડી

અમદાવાદ, તા. ૧૩

ચકચારી ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા સુપર કોપ ડીજી વણઝારા દ્વારા ખાસ સીબીઆઈ અદાલતમાં દાખલ કરેલ જામીન અરજીમાં વધુ એક મુદત પડતા તેમની જામીન અરજીનો ચુકાદો આગામી ૨૬મી જૂનના રોજ આવે તેવી શક્યતા છે. જો કે વણઝારા હાલ જેલમાં બંધ છે અને તેઓ થોડા સમય પહેલા જ નિવૃત્ત થયા છે.

## કંપની સમાચાર

### બિટસ્કેપ ઈન્ફોટેકને વર્ષ ૨૦૧૪નો માઈક્રોસોફ્ટ વર્લ્ડવાઈડ પાર્ટનર ઓફ ધ યર એવોર્ડ

બિટસ્કેપ ઈન્ફોટેક પ્રા.લિ.ને વર્ષ ૨૦૧૪નો પ્રતિષ્ઠિત માઈક્રોસોફ્ટ વર્લ્ડવાઈડ પાર્ટનર ઓફ ધ યર એવોર્ડ મળ્યો છે. આ એવોર્ડ એવા પાર્ટનરોને આપવામાં આવે છે, કે જેઓએ આગલા વર્ષે માઈક્રોસોફ્ટ આધારિત સોલ્યુશન્સને વિકસાવ્યા હોય અને તેને ડિલીવર કરીને શ્રેષ્ઠતા બતાવી હોય. આવતા મહિને વોશિંગ્ટન ડી.સી.માં યોજાનારા ઝાકમઝાળભર્યા સમારંભમાં આ એવોર્ડ પ્રદાન કરાશે. આ સમારંભના માઈક્રોસોફ્ટના ટોચના અધિકારીઓ નવા નાણાકીય વર્ષ માટેની પોતાની યોજનાઓ પણ રજૂ કરશે.

બિટસ્કેપનાં સીઈઓ મેનેજિંગ ડાયરેક્ટર શ્રી કાર્તિક શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'વિશ્વભરમાં પથરાયેલા માઈક્રોસોફ્ટ કોર્પોરેશનનાં પાર્ટનરોમાં માઈક્રોસોફ્ટ આધારિત સોલ્યુશન્સને નાવિન્યપૂર્ણ રીતે વિકસાવીને ડિલીવરી કરવામાં શ્રેષ્ઠતા દાખવનારા પાર્ટનરોને આ એવોર્ડ આપવામાં આવે છે. બિટસ્કેપ ઈન્ફોટેકને આવો પ્રતિષ્ઠિત એવોર્ડ સાંપડી રહ્યો છે તે ઘણી ગૌરવની બાબત છે.'

માઈક્રોસોફ્ટ એવોર્ડ બહુવિધ કેટેગરીઓમાં આપવામાં આવે છે. ૧૧૭થી પણ વધુ દેશોના ૨૮૦૦ થી પણ વધુ પ્રવેશકોમાંથી વિજેતાઓ પસંદ કરવામાં આવે છે. બિટસ્કેપ ઈન્ફોટેકને નાના વ્યાપરની નિપૂણતાના ક્ષેત્રમાં અસાધારણ સોલ્યુશન્સ અને સેવાઓ પુરી પાડવા માટે આ એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો હતો. 'બિટસ્કેપ ઈન્ફોટેકને વર્ષ ૨૦૧૪નો માઈક્રોસોફ્ટ વર્લ્ડવાઈડ પાર્ટનર એવોર્ડના વિજેતા ઘોષિત કરતા અમને ઘણા જ આનંદ થાય છે.

માઈક્રોસોફ્ટ ઈન્ડિયાનાં સ્મોલ એન્ડ મિડ માર્કેટ સોલ્યુશન્સ એન્ડ પાર્ટનર્સનાં જનરલ મેનેજર શ્રી મિતુલ પટેલે જણાવ્યું હતું કે, 'બિટસ્કેપે છેલ્લાં ઘણા વર્ષોથી નાના વ્યાપારીને આઈટીના લાભાલાભ મેળવતા શીખવ્યું છે. અમને વિશ્વાસ છે કે આગામી વર્ષોમાં પણ આવી અસરકારકતા અને વિકાસકૂચ ચાલુ રાખશે.'

# શિક્ષણક્ષેત્રે ગુજરાતે નોંધપાત્ર સિદ્ધિ મેળવી : સ્મૃતિ ઈરાની

## ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય ગાંધીનગરમાં સેક્ટર ૨૯ કેમ્પસનું ઉદ્‌ઘાટન થયું : ગુજરાતના પ્રધાનો પણ ઉપસ્થિત

ગાંધીનગર, તા. ૧૩

કેન્દ્રના માનવ સંશાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું હતું કે શિક્ષણક્ષેત્રે નાવિન્યસભર કાર્યક્રમોનું અમલીકરણ કરીને ગુજરાતે નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. આજે ગાંધીનગરમાં ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના સેકટર-૨૯ કેમ્પસનું ઉદ્‌ઘાટન કરતાં સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા જોવા અનોખા કાર્યક્રમોથી ગુજરાતમાં શિક્ષણ સાર્વત્રિક લાગ્યું છે.

નવા કેમ્પસના ઉદ્‌ઘાટન પ્રસંગે સર્વેને અભિનંદન આપીને વિદ્યાર્થીઓને સુદૃઢ માળખાયુક્ત શૈક્ષણિક સુવિધાઓ પ્રાપ્ત થઈ રહી છે તે બદલ તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓ આ સુવિધાનો લાભ ઉઠાવી માત્ર શૈક્ષણિક કાર્યને પ્રાથમિકતા આપે અને શિક્ષણ મેળવી સર્વાંગી વિકાસની દિશામાં આગળ વધે તેવી શીખ પણ મંત્રી ઈરાનીએ વિદ્યાર્થીઓને આપી હતી. ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના જમીન અને




નિવાસી વ્યવસ્થા બાબતે પણ રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હકારાત્મક અભિગમને મંત્રી સ્મૃતિ ઈરાનીને બિરદાવ્યો હતો તથા ભવિષ્યમાં પણ તેઓ ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય-ગાંધીનગરની મુલાકાત લેશે તેમ જણાવ્યું હતું. આવનારા દિવસોમાં જે પડકારોનો સામનો કરવાનો છે તે ખાળવાનું સામર્થ્ય પણ આ યુનિવર્સિટીના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને મળશે તેવી શ્રદ્ધા તેમણે વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને ઉચ્ચ શિક્ષણ રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદીએ કેન્દ્રીય મંત્રીનું સ્વાગત કર્યું હતું.

# વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટની પાંચમી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટની પાંચમી વાર્ષિક સાધારણ સભા તા. ૮મી જૂને સે. ૨૨માં મળી હતી. આ સભામાં સભ્યો દ્વારા ગત વર્ષના હિસાબો અને કાર્યવાહીને બહાલી આપવા સાથે સિનિયર સિટિઝનો માટે તેમના અધિકારો અને લડત અંગે માહિતી અપાઈ હતી તેમજ ટ્રસ્ટ દ્વારા કરાયેલા સેવાકાર્યોની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

વડીલો માટે કાર્યરત આ સંસ્થાન આ પાંચમી વાર્ષિક સાધારણ સભા હતી જેમાં પ્રારંભે સમૂહ પ્રાર્થના કરાઈ હતી. ત્યાર બાદ દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી તેમજ સંદેશા વાંચન કરાયું હતું. ત્યારબાદ શરૂ થયેલી વૈધાનિક કાર્યવાહિમાં ગત સભાની કાર્યવાહીને મંજુરી, ચાલુ વર્ષના ઓડિટ અહેવાલ તેમજ હિસાબોને મંજુરી, આગામી વર્ષ માટે ઓડિટરની નિમણુંક તેમજ વર્ષ દરમ્યાન કરાયેલા કાર્યોની સમીક્ષા વગેરે હાથ ધરાયું હતું.

વાર્ષિક કાર્યવાહીનો અહેવાલ આપતા સંસ્થાના પ્રમુખ અમૃતભાઈ મોઢે ખાસ વિગતો સભ્યોને જણાવી હતી. જેમાં પીડીત વરિષ્ઠો માટે રૂબરૂ, ફોન તેમજ દૂરદર્શન દ્વારા અવારનવાર કાઉન્સેલીંગ કરીને તેમના અધિકારો બાબતે તેમજ હૂંફ આપવા માર્ગદર્શન અપાયુંહતું. તેમજ વરિષ્ઠોની અવગણના સામે રાષ્ટ્રિય વિરોધ દિનની ઉજવણીની વિગતો આપી હતી. આ ઉપરાંત વરિષ્ઠો માટેની રાષ્ટ્રિય નીતિ (એનપીઓપી)નો ગુજરાત રાજ્યમાં સ્વીકારવામાં જે વિલંબ થઈ રહ્યો છે તે સામે રજૂઆતો અને એનપીઓપી અન્વયે મંજૂર થયેલી અનેક યોજનાઓના અધકચરા અમલ સામે સત્તાધીશોને કરાયેલી રજૂઆતોની માહિતી આપી હતી.

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા વર્ષ દરમ્યાન કરાયેલા સેવાકાર્યની પણ વિગતો આપવામાં આવી હતી. જેમાં ગાંધીનગરમાં આવતા શ્રમજીવીઓના સ્લમ વિસ્તારની આંગણવાડીઓના ૮૦ જેટલા અતિકુપોષિત બાળકો-ધાત્રીમાતાઓને ૫૩ ટંક સાપ્તાહિક પૌષ્ટિક આહાર પિરસવામાં આવ્યા છે, મંગળવારે અને શનિવારે અમૂલ પ્રોટિન અને દૂધ પીવડાવવામાં આવ્યા છે, ઉનાળામાં પગરખાં વિહોણા ૧૫૦૦ લોકોને પગરખાં પહેરાવાયાં છે. તેમજ વાર-તહેવારે ખજૂર, મિઠાઈ, ખીર, ફળો, સુખડી વગેરે યોગદાનીઓ દ્વારા પીરસાયા હતા તેમજ અતિવંચિત શ્રમજીવીઓના ૧૬ જેટલા પરિવારોને માસિક રૂ. ૮૦૦નું 'સીધુ' ઘરબેઠા પહોંચાડાયું છે અને ૩૭૦ જેટલા બાળકોને શિયાળામાં હુંફાળા લેંઘા-સદરા-ટોપી પણ પહેરાવ્યા છે અને રમકડાં અપાયા છે. આ બધા સેવા કાર્યો માટે સંસ્થાને રૂ. ૩,૧૫,૦૦૦ નો કુલ ખર્ચ થયો છે. તેની સામે માત્ર રૂ. ૧,૯૪,૦૦૦નું યોગદાન પ્રાપ્ત થયું છે. આમ છતાં સંસ્થા દ્વારા આ સેવાકાર્યો ચાલુ રાખવાનો પ્રસંશનીય નિર્ણય લેવામાં આવ્યો છે અને ખોટને પહોંચી વળવા દાતાઓને અપીલ કરાઈ છે.

આ સભામાં હાજર સંસ્થાના માર્ગદર્શક નિવૃત આઈએએસ બિપીનચંદ્ર વૈષ્ણવે સંસ્થાના સેવાકાર્યો સામે વહીવટી ખર્ચ માત્ર દોઢ ટકા જેટલો ઓછો હોવાની બાબતને બિરદાવી હતી. આ સભામાં ભરતભાઈ કવિ, કુંવરજીભાઈ પટેલ, ડૉ. ક્રિશ્નાનંદ ચિતાણિયા, નટુભાઈ ગજ્જર, સ્વામી સદાનંદ ભારતી, ઈનાયતઅલી સૈયદ અને જે.કે. દવેએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા.

## આરટીઈ એક્ટની... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે જે બાળકોને સારૂ શિક્ષણ મળે છે એમનાં તન-મન અને બુદ્ધિનો વિકાસ થાય છે. આથી સશક્ત ભારતના નિર્માણ માટે દેશનાં પ્રત્યેક ગામડાંમાં પ્રત્યેક બાળકની શાળામાં નોંધણી થવી જોઈએ.

કેન્દ્રમાં મંત્રી તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ શ્રીમતી સ્મૃતિ ઈરાનીનો આજનો કાર્યક્રમ સૌ પ્રથમ જાહેર કાર્યક્રમ હતો.

બાળકોનાં શિક્ષણની સાથોસાથ બાળકોના યોગ્ય માનસિક વિકાસ ઉપર ભાર મુકતાં કેન્દ્રીય મંત્રીએ અધુરા અભ્યાસે શાળા છોડી જતાં બાળકોની સમસ્યાનો ઉલ્લેખ કર્યો હતો. એમણે જણાવ્યું હતું કે માત્ર પહેલા અને બીજા ધોરણ જ નહીં પરંતુ છઠ્ઠા અને નવમાં ધોરણમાંથી શાળા છોડી જતાં બાળકોની સંખ્યા મોટી છે. અધુરા અભ્યાસે શાળા છોડી જતાં બાળકોની સંખ્યા ઘટાડવાની ખાસ જરૂરિયાત છે. એમણે મહત્તમ સંખ્યામાં બાળકો શાળામાં આવે એ માટે પ્રવેશોત્સવ જેવાં પગલાંને આવકાર્યા હતા.

શાળા પ્રવેશોત્સવ પ્રસંગે શ્રીમતી સ્મૃતિ ઈરાનીના હસ્તે વિદ્યાર્થીઓ તથા આંગણવાડીના કાર્યકર્તાનું સન્માન કરાયું હતું. મંત્રીશ્રીએ 'સ્માર્ટ સ્કૂલ'નું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું અને શાળામાં વૃક્ષારોપણ કર્યું હતું. ગામના દાતાઓએ શાળાને પુસ્તકો અને રમકડાં ભેટ આવ્યાં હતાં. આ સમારંભમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલ, કુડાસણના સરપંચ શ્રી કાળાજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપ, ડીએસપી શ્રી શરદ સીંગલ તથા જિલ્લાના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## બાળકોનું નામાંકન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે બીજા દિવસે પણ પ્રવેશપાત્ર બાળકોને દફતરની ભેટ અપાઈ હતી તેમજ આંગણવાડીના બાળકોને રમકડાંઓની ભેટ અપાઈ હતી.

ત્રીજા અને પ્રવેશોત્સવના અંતિમ દિવસે પણ બધા જ બાળકોનું નામાંકન થાય તે રીતે તંત્ર કામે લાગ્યું છે. ત્રીજા દિવસે પણ ગુરૂજી ઓન લાઈન સોફટવેર જિલ્લાની વધુ બે પ્રા. શાળાઓ રાજપુર અને ઘનશ્યામનગર ખાતે રાજયમંત્રી મંડળના શ્રી સૌરભભાઈ પટેલ અને શ્રીમતી વસુબેન ત્રિવેદીના હસ્તે અર્પણ કરવામાં આવનાર છે.

## મકાન તોડવાનું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમિયાન શહેરમાં સેક્ટર-૧૩, ૭ અને સેક્ટર-૩૦ સહિતના વિસ્તારમાં અત્યંત ભયજનક સ્થિતિમાં માલુમ પડેલા ૧૯૦૪ જેટલા મકાનો નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ નિકાલ હેઠળના મકાનો સંદર્ભે લાંબા સમય સુધી કોઈ નીતિ નક્કી ન થતા હાલની સ્થિતિએ પણ સેક્ટરોમાં જોખમી આવાસો અસ્તિત્વ ધરાવે છે. થોડા સમય અગાઉ આ મામલે ઉચ્ચ કક્ષાએ -ેઝન્ટેશન રજુ થતા નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાયો હતો. જેના અંતે અગાઉ ૧૭ જેટલા બ્લોક તોડી પાડવામાં આવ્યા હતા. જયારે સે-૧૩ માં પણ જ-૧ કક્ષાના આવા બ્લોક તોડી પાડવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. આ દરખાસ્તને મંજૂરી અપાતા સે-૧૩માં જ-૧ કક્ષાના બ્લોક નં.૧૫૫ થી ૧૫૮, ૧૪૧ થી ૧૫૨ તેમજ બ્લોક નં.૧૩૮ ના યુનિટોને તોડવાનું કામ શરુ કરી દેવામાં આવ્યું છે. આ ૧૦૨ મકાન તોડવાની કામગીરી પૂર્ણ થતા ૨ મહિના જેટલો સમય લાગશે. આ દરમિયાન બીજા તબક્કામાં અન્ય જોખમી મકાનો પણ તોડી પડાશે.

## અમિત શાહની નિમણુંક

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરખાસ્ત માટે ન આવતા શાહની ચુંટણી બિનહરીફ કરવામાં આવી હતી. જીસીએના ઉપપ્રમુખ પરિમલ નથવાણીએ કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ આ પ્રક્રિયા જરૂરી હતી. જીસીએમાં કારોબારી સમિતિમાં ચાર ઉપપ્રમુખ છે. શાહ પ્રમુખ બન્યા બાદ એક સીટ ખાલી થશે આ એક સીટને ભરવા માટેની ચુંટણી ડિસેમ્બર ૨૦૧૪માં યોજાશે.

લોકસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય બાદ વડાપ્રધાન બનેલા નરેન્દ્ર મોદીએ ગુજરાત ક્રિકેટ એસોસીએશનના અધ્યક્ષપદેથી રાજીનામુ આપતા હવે તેમના સ્થાને પ્રમુખ પદે અમિત શાહની વરણી કરાઈ છે. ગુજરાત ક્રિકેટ એસોસીએશનની મહત્વની બેઠકમાં ગુજરાત ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ પદે અમિત શાહની સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ટીમે ૨૦૦૯માં નરહરિ અમીન જૂથ પાસેથી સત્તા આંચકી લીધી હતી અને ત્યારથી મોદી પ્રમુખ અને અમિત શાહ ઉપપ્રમુખ તરીકે હતા. મોદી વર્ષ ૨૦૦૯માં બોર્ડના અધ્યક્ષ બન્યા હતા. બાદ તેમનો કાર્યકાળ વર્ષ ૨૦૧૧માં પુરો થયો હતો. બાદમાં બીજીવાર અધ્યક્ષ તરીકે તેમની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જીસીએના પ્રમુખ પદેથી બીસીસીઆઈના ઉપપ્રમુખ પદે અમિત શાહને પહોંચાડવાની કવાયતની વાત છે. સપ્ટેમ્બરમાં રવિ સાવંતના કાર્યકાળ પુરો થતા તેમના સ્થાને અમિત શાહને ઉપપ્રમુખ પદે બેસાડાય તેવી શક્યતા છે.

## બદલીઓ ઓનલાઈન થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેને રન કરવામાં આવશે. આ પ્રયોગ સફળ થશે તો તે દિપાવલીના વેકેશન બાદ આખા રાજ્યમાં અમલી બનશે.

વિધાનસભા ગૃહમાં વારંવાર પ્રાથમિક શિક્ષકોની બદલીના મુદ્દે આક્ષેપો થતા રહ્યા છે. રાજ્ય સરકારે પણ બદલીના મુદ્દે સંપૂર્ણ પારદર્શિતા લાવવાની ખાત્રી આપી હતી. આ પારદર્શિતા લાવવા માટે સરકારે ખાસ સોફ્ટવેર ડેવલપ કર્યુ છે.

રાજ્યમાં એક તરફ સ્માર્ટ સ્કૂલના કન્સેપ્ટને અમલી બનાવ્યા બાદ હવે શિક્ષણ વિભાગને વધુ પારદર્શક બનાવવાની દિશામાં આ રાજ્ય સરકારનું ઐતહાસિક મહત્વનું કદમ છે.

## ડેપોની કેન્ટીન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આ મામલે એસ.ટી તંત્ર દ્વારા ટેન્ડર -ક્રિયા હાથ ધરી નવી એજન્સીને કેન્ટીનનો કોન્ટ્રાક્ટ સોંપવામાં આવશે. આગામી એક મહિનામાં એસ.ટી ડેપોની કેન્ટીન પુનઃ ધમધમતી થઈ જશે.

ગાંધીનગર એસ.ટી ડેપોને મોડેલ ડેપો બનાવવા તબક્કાવાર નવતર કામો હાથ ધરવામાં આવી રજ્ઞા છે. ગાંધીનગર એસ.ટી ડેપોમાં મોટાભાગની નવી બસો ફાળવી દેવામાં આવી છે. મુસાફરોને આરામદાયક મુસાફરીની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે ડેપોમાં નવી ડીઝલ બસો દોડતી થઈ છે. આ ઉપરાંત ડેપો સંકુલમાં મુસાફરોની સલામતીને અનુલક્ષી સી.સી.ટીવી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. જયારે વીજબીલમાં બચત થાય તે માટે સોલાર પેનલ સિસ્ટમ પણ ફીટ કરી દેવાઈ છે. ડેપો સંકુલમાં મુસાફરલક્ષી સુવિધાઓ અપગ્રેડ કરવાની કામગીરી ચાલી રહી છે ત્યારે ડેપોમાં સ્થિત કેન્ટીનના મામલે પણ હવે ટૂંકમાં નવી એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવશે. ડેપોની કેન્ટીનનો વર્ષોથી કોન્ટ્રાક્ટ સંભાળતી એજન્સી દ્વારા ભાડું ન ચુકવાતા ડેપો કક્ષાએથી કેન્ટીનને બંધ કરી દેવાઈ છે. આ કેન્ટીનમાં ખાણીપીણીની ચીજ વસ્તુઓ પાર ન્ટિ ભાવ કરતા પણ વધુ રકમ વસુલવામાં આવતી હોવાની ફરિયાદો પણ ઠવા પામી હતી. ડેપોના સુત્રોમાંથી -ાજ્ઞ થતી માહિતી અનુસાર એસ,ટી ડેપોની કેન્ટીનને પુનઃ શરુ કરવા માટે જુન મહિના અંતમાં ટેન્ડર -ક્રિયા હાથ ધરવામાં આવશે. જૂની એજન્સીને બ્લેક લીસ્ટ કરી દેવાઈ છે ત્યારે નવેસરથી ટેન્ડર -ક્રિયા હાથ ધરી કેન્ટીનનું સંચાલન સંભાળવા નવી એજન્સીને કોન્ટ્રાક્ટ સોંપવામાં આવશે.